# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-12-2024** **Midday : 2.30 to 2.35**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Appointment of Forensic Crime Scene Manager

રાજ્યની તમામ મદદનીશ પોલીસ કમિશનરની કચેરીમાં 'ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજર'ની નિમણૂક કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું છે કે, ગુજરાત પોલીસ અને ડિરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલી આ પહેલ ખૂબ મહત્વપૂર્ણ છે, છેલ્લા કેટલાક સમયથી ગુજરાત રાજ્યમાં સજાનો દર વધારવા માટે અલગ-અલગ પ્રકારના પગલાઓ લેવામાં આવ્યા છે અને સજાનો દર સુધારવાનો પ્રોજેકટ હાલ અમલમાં છે.

ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારીને વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા અને માર્ગદર્શન પુરૂં પાડવા માટે ફોરેન્સિક સાયન્સ વિષય નિષ્ણાંત અને તાલીમબધ્ધ ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજર તેઓને મદદરૂપ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જ્યારે કોઇપણ ગુનો બને ત્યારે ફોરેન્સીક ક્રાઇમસીન મેનેજરની મદદથી વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરી કેસને સુદ્રઢ બનાવવા અને આરોપીઓને સજા થાય તથા પિડીતોને ન્યાય મળે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**PM Rannotsav**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સોશિયલ મિડીયા દ્વારા કચ્છના રણોત્સવનો વિડીયો શેર કરીને લોકોને તેમના પરિવાર સાથે રણોત્સવ માણવા આમંત્રણ આપ્યું છે.

શ્રી મોદીએ લખ્યું છે કે, કચ્છની પરંપરા, સંસ્કૃતિ માટે મનમોહક છે. અદભૂત હસ્તકલા બજાર હોય, સાંસ્કૃતિક કાર્યક્રમો હોય કે, ખાણીપીણીની પરંપરા હોય, અહિંનો તમારો દરેક અનુભવ અવિસ્મરણીય બની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષની જેમ અત્યારે કચ્છના ધોરડોમાં રણોત્સવ ઉજવાઇ રહ્યો છે. 15મી માર્ચ 2025 સુધી ચાલનારા રણોત્સવમાં કચ્છી ઓળખ એવા ભુંગાઓ ધરાવતી વિશાળ ટેન્ટ સિટી, સફેદ રણમાં ઊંટ સવારી, કચ્છની

સંસ્કૃતિની ઝલક કરાવતા પ્રદર્શનો, સ્થાનિક લોકનૃત્યો અને હેન્ડીક્રાફ્ટ બજાર મુખ્ય આકર્ષણો છે.

## Aadhaar Authentication

રાજય સરકારના વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગ દ્વારા નાણાકીય વર્ષ 2022થી નવેંબર 2024 સુધીમાં આશરે 88 કરોડ આધાર ઓથેન્ટિકેશન નોંધાયા છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ

(વોઇસ કાસ્ટ-અજય ઇન્દ્રેકર)

*રાજય સરકાર દ્વારા વિવિધ વિભાગોમાંથી સરેરાશ માસિક 5 કરોડ અને દરરોજ સરેરાશ 24 લાખ જેટલી આધાર ઓથેન્ટિકેશનની અરજી ઉપર સફળતાપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે છે. જે અંતર્ગત 2022-23માં 18 કરોડ, 23-24માં 22 કરોડ, તેમજ નવેંબર 2024 સુધીમાં 48 કરોડ આધાર ઓથેન્ટિકેશન રાજય ભરમાં નોંધાયા છે. રાજયના વિવિધ વિભાગો દ્વારા લાભાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી વર્ષ 2022 થી 2024 સુધીમાં નવવિભાગોની 200થી વધુ યોજનાઓની નોંધણી કરવામાં આવી છે. ફેસ ઓથેન્ટિકેશનની એપ્લિકેશનના માધ્યમથી 60 લાખથી વધુ નાગરિકોની આધાર નોંધણી થઇ છે. અજય ઇન્દ્રેકર, સમાચાર વિભાગ, અમદાવાદ*

## World Meditation Day Celebration

યુનાઇટેડ નેશન દ્વારા 21મી ડિસેંબરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે ઉજવવાનું જાહેર કરવું ભારત માટે ગૌરવની ક્ષણ છે. વિશ્વ ધ્યાન દિવસ 2024ની ઉજવણી સૌપ્રથમ વખત સમગ્ર વિશ્વમાં કરવામાં આવી રહી છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને સમર્પણ ધ્યાનનાં સંયુક્ત ઉપક્રમે ભાવનગરમાં “વિશ્વ ધ્યાન દિવસ શિબિર”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબીરમાં વ્યાયામ, આસન, પ્રાણાયામનું નિદર્શન કરી યોગ કરાવ્યાં હતાં.

વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે આજે રાજયના 40 સ્થળોએ ધ્યાન શિબીર યોજાઇ રહી છે. જેમાં લાખો નાગરિકો સહભાગી બનશે. તેમ ગુજરાત રાજય યોગ બોર્ડે જણાવ્યું છે.

**Bogus doctors**

મોરબીમાં  અનઅધિકૃત રીતે પ્રેક્ટિસ કરતા નવ જેટલા બોગસ ડોકટરોને ઝડપી લેવામાં આવ્યા છે.  મોરબી, વાંકાનેર ,ટંકારા અને હળવદ પંથક માં અનઅધિકૃત રીતે મેડિકલ પ્રેક્ટિસ કરતા બોગસ ડોકટરો અંગે  વિસ્તૃત જાણકારી આપતા મોરબીના ડી.વાય એસ.પી.સમીર સારડાએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ: સમીર સારડા,ડી વાય.એસ.પી.)

**Animal Health Fair - Mehsana**

મહેસાણા જીલ્લામાં વિકાસ સપ્તાહ દરમ્યાન 11 ગામડાઓના 392 પશુપાલકોના બે હજારથી વધુ પશુઓને સારવાર આપવામાં આવી.

વિજાપુર તાલુકાના કલભા ગામે 1 હજાર 432, બહુચરાજીના માત્રાસણમાં 220, ઉંઝાના સૂનક ગામે 262, સતલાસણા તાલુકાના હાડોલમાં 378 પશુઓને સારવાર આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહેસાણા જીલ્લા પશુ સારવાર વિભાગ દ્વારા 155 પશુ આરોગ્ય મેળાઓમાં 714 પશુરપાલકોના 35 હજારથી વધુ પશુઓની વિનામૂલ્યે સારવાર કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝિક**